# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

પરિપત્રનં.171 /૨૦૧૭

વિષય :- માર્ચ/જૂન ૨૦૧૬ ના પદવી પ્રમાણપત્રો મોકલવા અંગે

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટીના ભવનોના અધ્યક્ષશ્રીઓ/કો.ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે માહે-માર્ચ/જૂન-૨૦૧૭ ના ગાળામાં લેવાયેલ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં માન.કુલપતિશ્રીના સીધા માર્ગદર્શન નીચે પરીક્ષા કામગીરીમાં નવિનતમ પરીક્ષા સુધારણા અભિગમ હાથ ધરવામાં આવેલ,જેમાં "કેન્દ્રિય નિરીક્ષણ વ્યવસ્થા" ગોઠવવામાં આવેલ અને મૂલ્યાંકન કામગીરી પણ યુનિવર્સિટી વડા મથકે હાથ ધરવામાં આવેલ જેના ફળ સ્વરૂપે સદર સમયગાળામાં લેવાયેલ તમામ પરીક્ષાઓના પરિણામ ઝડપથી જાહેર થઈ શકેલ છે.જેમાં આપ સર્વેનો પણ સાથ સહકાર મળેલ છે.જે બદલ આભાર.

યુ.જી.સી ની સૂચના મુજબ જેતે વિદ્યાર્થીઓને પરીક્ષા પૂર્ણ થયાના છ માસમાં ડીગ્રી મળી રહે તેવું આયોજન કરવા જણાવવામાં આવેલ છે. જે માટે માન.કુલપતિશ્રીએ સંબંધિત વિદ્યાર્થીઓને તાત્કાલિક ડીગ્રી મળી રહે તે માટે જે તે વિદ્યાર્થીઓના ડીગ્રી પ્રમાણપત્રો સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ/યુનિવર્સિટી વિભાગના વડાશ્રીઓ/ કો.ઓર્ડિનેટરશ્રીઓને મોકલી આપવાના આદેશ કરેલ હોઈ માર્ચ-જૂન ૨૦૧૬ના ડીગ્રી પ્રમાણપત્રો મોકલી આપવામાં આવે છે જે આપની કોલેજના/યુનિવર્સિટી વિભાગના વિદ્યાર્થીઓને આપવા માટેની કામગીરી હાથ ધરવા વિનંતી છે.

વધુમાં જણાવવામાં આવે છે કે આપની કોલેજના /યુનિવર્સિટી વિભાગના કર્મચારીશ્રીને ડીગ્રી પ્રમાણપત્ર વહેંચણીની કામગીરીનાં મહેનતાણા પેટે રૂપિયા ૨/- પ્રતિ ડીગ્રી પ્રમાણપત્ર મુજબ ચૂકવવામાં આવશે.

(મિતુલ દેલીયા)
કા.પરીક્ષા નિયામક

પત્રાંક.પરી/પદવી/1762/૨૦૧૭
પરીક્ષા વિભાગ
હેમ.ઉત્તર ગુજરાત,યુનિવર્સિટી
પાટણ.
તા.05/09/૨૦૧૭